પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮ | ૯ એપ્રિલ, ૨૦૧૯, મંગળવાર; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતો, વ્યાપારીઓ અને મધ્યમવર્ગને ભાજપના ૭૫ વચન

**સંકલ્પ ભારત, સશક્ત ભારત : ધારા ૩૭૦ અને રામ મંદિર નિર્માણ માટે કોશિશ કરાશે : ૩૫-એને હટાવવાનો પણ વાયદો : નાના ખેડુત અને દુકાનદારને પેન્શનનુ વચન : કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વધારવા માટે ૨૫ લાખ કરોડ રૂપિયાનું ૫ વર્ષમાં રોકાણ : દેશને ૧૦ લાખ કરોડ ડોલરનું પ્રચંડ અર્થતંત્ર બનાવવા તમામ પ્રયાસ થશે : સંકલ્પપત્રમાં ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ સહિતના ક્ષેત્રે શ્રેણીબદ્ધ વચનો**

## સંકલ્પ પત્રના મહત્વના અંશ....

**સમાવેશી વિકાસ**
- ગરીબીરેખા નીચે વાળા પરિવારોની સંખ્યા ઘટાડીને ૧૦ ટકાથી ઓછી કરાશે
- ૫ કિલોમીટરની હદમાં બેંકિંગ સુવિધા ઉભી કરાશે
- તમામ નાના દુકાનદારોને પેન્શનની સુવિધા ઉપલબ્ધ કરાવાશે

**ખેડૂતોની આવક બે ગણી**
- કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદકતાને વધારવા ૨૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે
- દેશના તમામ ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ અપાશે
- નાના અને ખેતીહર ખેડૂતોની સુરક્ષા સામાજિક સુરક્ષા માટે ૬૦ વર્ષની વય બાદ પેન્શનની યોજના લાગૂ કરવામાં આવશે
- ખેડૂતોને ૧થી ૫ વર્ષની અવધિ માટે એક લાખ રૂપિયા સુધી નવા કૃષિ લોન વ્યાજવગર અપાશે

**૧૦ લાખ કરોડનું અર્થતંત્ર**
- ૨૦૨૫ સુધી પાંચ લાખ કરોડ ડોલર અને વર્ષ ૨૦૩૨ સુધી ૧૦ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનશે
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ૧૦૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે એક લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ ગેરન્ટી યોજના લવાશે

**નવા ભારતની આધારશીલા**
- તમામ વસાહતોને ખુલ્લામાં શૌચથી મુક્ત કરાશે
- ૫૦ શહેરોમાં એક મજબૂત મેટ્રો નેટવર્ક રહેશે
- માર્ગ પરિવહન વિકસિત કરવા માટે ભારત માલા-૨ દ્વારા રાજ્યોને મદદ કરાશે

**વેપારીઓની સુરક્ષા**
- ભારતીય અર્થવ્યવસ્થાને રોકેટગતિથી વિકસિત કરવા ૨૨ મુખ્ય સેક્ટરોનું નિર્ધારણ કરાશે
- કારોબારીઓને કોઈપણ પ્રકારની સિક્યુરિટી વગર ૫૦ લાખ રૂપિયાની લોન
- પૂર્વોત્તર રાજ્યોમાં એમએસએમઈને માળખાકીય સુવિધા માટે યોજના લવાશે

● અનુસંધાન પાન-૭ પર

નવી દિલ્હી, તા. ૮

લોકસભાની ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ચુક્યું છે અને સાત તબક્કામાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા ૧૧મી એપ્રિલથી શરૂ થઈ રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ આજે વિઝન ડોક્યુમેન્ટ અથવા તો સંકલ્પપત્રમાં શ્રેણીબદ્ધ વચનો આપવામાં આવ્યા છે. સંકલ્પપત્રમાં રામ મંદિર પર તમામ શક્યતાઓને ચકાસવાની વાત કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ શાંતિપૂર્ણ માહોલમાં મંદિરના નિર્માણ માટે પ્રયાસ કરવાની વાત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૫એને દૂર કરવાના પ્રયાસ પણ કરવામાં આવશે. યુનિફોર્મ સિવિલ કોડને લાગૂ કરવામાં આવશે. તમામ ખેડૂતોને છ હજાર રૂપિયાનો લાભ મળશે. નાના અને સિમાંત ખેડૂતોને ૬૦ વર્ષના ગાળા બાદ પેન્શનની સુવિધા આપવામાં આવશે. દેશના નાના દુકાનદારોને ૬૦ વર્ષ બાદ પેન્શનની સુવિધા આપવામાં આવશે. દરેક પરિવાર માટે પાકા મકાનની ખાતરી કરવામાં આવશે. વધુમાં વધુ ગ્રામીણ પરિવારોને ગેસ સિલિન્ડર આપવાના પ્રયાસ કરવામાં આવશે. આયુષ્યમાન ભારત હેઠળ ૧.૫ લાખ હેલ્થ અને વેરનેસ સેન્ટર ખોલવામાં આવશે. સિટિઝનશીપ સુધારા બિલને



● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના ઘોષણા પત્રમાં રોજગારી અંગે વાત નથી : સુરજેવાલા

**ચા વાળા, ચોકીદાર, કામદાર જેવા શબ્દનો ઉપયોગ કરીને લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થાય છે : અહેમદ પટેલ**



નવી દિલ્હી, તા. ૮

ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે આજે ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપી હતી. કોંગ્રેસે આને ઝાસાપત્ર તરીકે ગણાવીને ટિકા કરી હતી. કોંગ્રેસે કહ્યું હતું કે, લોકોને ગેરમાર્ગે દોરવા માટેના પ્રયાસો હજુ જારી રહ્યા છે. કોંગ્રેસે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, ભાજપે માફીનામુ જારી કર્યું હોત તો વધારે સારી બાબત રહી હોત. છેલ્લા પાંચ વર્ષમાં કોઈ કામ કરવામાં આવ્યા નથી. પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે કહ્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસના ઘોષણાપત્રમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. કવરપેજ ઉપર અમારા ઘોષણાપત્રમાં લોકોની ભીડ જોઈ શકાય છે જ્યારે ભાજપના ઘોષણાપત્રમાં માત્ર એક વ્યક્તિ દેખાય છે. ભાજપનો ઘોષણાપત્ર જુઠ્ઠાણાને રજૂ કરે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપના ઘોષણાપત્ર સાઈટ ઉપર જ રહી જાય છે. કોઈ સમયે ચાવાળા, કોઈ સમયે ચોકીદાર, કોઈ સમયે કામદાર અને ક્યારેક ફકીર અને ક્યારેક અન્ય શબ્દનો ઉપયોગ કરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. પટેલે કહ્યું હતું કે, ભાજપે ક્યારેય વચન પાળ્યા નથી. જે રીતે વચન આપવામાં આવ્યા છે તે ચાલનાર નથી.

## સંકલ્પ પત્ર સુશાસન પત્ર છે : મોદી

**રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા છે, અંત્યોદય અમારું દર્શન છે અને સુશાસન અમારો મંત્ર છે**

ન્યુ દિલ્હી,તા.૮

ભારતીય જનતા પક્ષે સોમવારે પોતાનો ચૂંટણી ઢંઢેરો (મેનિફેસ્ટો) જારી કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે અલગ જળ મંત્રાલય બનશે. માછીમારો માટે અલગ મંત્રાલયની વાત કરી છે. જળ શક્તિ મંત્રાલય બનાવીશું. નદીઓનાં જળનું વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે થાય? તે માટે કાર્યરત્ રહેશે. માતા-બહેનોના જળનાં સંકટમાંથી મુક્તિ અપાવવાનું કાર્ય કરીશું. નળમાંથી પાણી આવે તે માટેનો પ્રયાસ થશે. પાણી એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે આ સંકલ્પ પત્ર સુશાસન પત્ર છે, આ સંકલ્પ પત્ર રાષ્ટ્રની સુરક્ષાનો પત્ર છે, આ સંકલ્પ પત્ર રાષ્ટ્રની સમૃદ્ધિનો પત્ર છે. ૨૦૪૭માં ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય તે પહેલાં ભારત વિકાસશીલમાંથી વિકસિત દેશ કેવી રીતે બને? તે માટેનો પ્રયાસ રહેવો જોઈએ. આ માટેનો પાયો ૨૦૧૯થી ૨૦૨૪માં ઘડાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ગરીબીથી લડવું હોય તો દિલ્હીના એરકન્ડિશનમાં બેસીને કાર્ય થશે નહીં. આ વાત અમને પણ લાગુ પડે છે. ગરીબ જ ગરીબીને દૂર કરી શકે છે, માટે ગરીબ સશક્તિકરણ માટે કાર્ય

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પાક. પીએમઓમાં આગ**

પાકિસ્તાનના પ્રધાનમંત્રીના સચિવાલયમાં આગ લાગી છે. પ્રધાનમંત્રી સચિવાલયના છઠ્ઠા માળે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગી ત્યારે પ્રધાનમંત્રી ઈમરાનખાન પાંચમા માળે હાજર હતા. આગનુ કારણ શોર્ટસર્કિટ બતાવાયુ છે.

**ભોજપુરી સ્ટારના રોડ શો પર પથ્થરમારો**

ભાજપના ઉમેદવાર અને ભોજપુરી ફિલ્મ અભિનેતા દિનેશલાલ યાદવ 'તિરહુઆ' આઝમગઢમાં રોડ શો યોજી રહ્યા હતા ત્યારે ભારે હંગામો થયો હતો. રોડ શો દરમ્યાન પરમાનપુર ગાંવના લોકોએ તેમના કાફલા પર પથ્થરમારો કર્યો હતો અને અખિલેશ યાદવ જિંદાબાદના નારા લગાવ્યા હતા.

**સિદ્ધુ દેશભરમાં પ્રચાર કરશે**

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે મંત્રી નવજ્યોતસિંહ સિદ્ધુ કોંગ્રેસ માટે સમગ્ર દેશમાં પ્રચાર કરશે. રાહુલ ગાંધી સાથે મુલાકાત બાદ ટ્વીટ કરી તેઓએ આ અંગેની જાણકારી આપી છે. તેઓ ૧૦મીથી પ્રચારનો પ્રારંભ કરશે.

**ચીનનું આમંત્રણ ભારતે ઠુકરાવ્યુ**

બેલ્ટ એન્ડ રોડ ફોરમની બીજી બેઠકમાં હાજર રહેવા માટે ચીને પાઠવેલા આમંત્રણને ભારતે ઠુકરાવી દીધુ છે. ૨૦૧૭માં યોજાયેલી પ્રથમ બેઠકનો બહિષ્કાર પણ ભારતે કર્યો હતો. પાકિસ્તાન સાથે મળીને ચાઈના ચીન-પાકિસ્તાન ઈકોનોમીક કોરીડોર બનાવી રહ્યુ છે જે વિવાદિત ગિલગિત-બાલીસ્તાન વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો છે. આ બાબતે ભારતે પોતાનો વિરોધ દર્શાવ્યો છે.

**લેહમાં માત્ર ૧૨ મતદાતા**

દેશની લોકસભા ચૂંટણી માટે જમ્મુ-કાશ્મીરના લેહમાં એક એવુ મતદાન કેન્દ્ર છે જ્યાં સૌથી ઓછા મતદાતા છે. એટલુ જ નહીં સૌથી ઉંચાઈવાળુ મતદાન કેન્દ્ર પણ આ જ વિસ્તારમાં છે.

## મધ્યપ્રદેશમાં આઈટી વિભાગના બીજા દિવસે પણ વ્યાપક દરોડા

**મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકો સામે ઉંડી ચકાસણી : કમલનાથના નજીકના લોકોની મુશ્કેલીમાં સતત વધારો થયો : રોકડ રકમ અને અન્ય કિંમતી ચીજો જપ્ત કરવામાં આવી**

ભોપાલ, તા. ૮

મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકોની સામે આજે સતત બીજા દિવસે પણ આક્રમક કાર્યવાહીનો દોર જારી રહ્યો હતો. આવકવેરા વિભાગની ટીમ ૩૦ કલાકથી પણ વધુ સમયથી તપાસ કરી રહી છે. બીજા દિવસે પણ આઈટી વિભાગની કાર્યવાહી જારી રહેતા ખળભળાટ મચી ગયો હતો. મુખ્યપ્રધાનના નજીકના લોકો ભારે મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. દરોડાની કાર્યવાહીથી મધ્યપ્રદેશમાં રાજકીય ગરમી વધી ગઈ છે. કમલનાથે કહ્યુ છે કે સામાન્ય ચૂંટણી દરમિયાન આ પ્રકારની દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. લોકોના ધ્યાનને અન્યત્ર વાળવા માટે આઈટી વિભાગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આજે વહેલી સવારે પાટનગર ભોપાલમાં આઈટી વભાગની ટીમે મુખ્યપ્રધાનના ઓએસડી પ્રવીણ કક્કડના એસોસિએટ અશ્વિન શર્માના આવાસ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ પહેલા રવિવારના દિવસે ભોપાલમાં અંસલ એપાર્ટમેન્ટ ના તેમના બે આવાસ પર પ્લેટિનમ પ્લાજામાં એક ફ્લેટ પર તપાસ હાથ ધરી હતી. રોકડ રકમ અને જંગી સંપત્તિ મળવાનો અને કબજો કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. મધ્યપ્રદેશ અને કેન્દ્ર સરકાર આમને સામને આવી ગઈ છે. મધ્યપ્રદેશ પોલીસે કેન્દ્રિય દળ પર સામાન્ય લોકોને પરેશાન કરવાનો લોકો પર આક્ષેપ કર્યો છે.



અત્રે નોંધનીય છે કે ગઈકાલે રવિવારના દિવસે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના ભત્રીજા રાતુલ પુરી, અંગત સચિવ અને પૂર્વ પોલીસ અધિકારી પ્રવિણ કક્કર, સલાહકાર રહી ચુકેલા રાજેન્દ્રકુમાર અને ભાપોલના પ્રતિક જોશી તેમજ અશ્વિન શર્માના આવાસ ઉપર આવકવેરા વિભાગે વહેલી પરોઢે વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો.

## માલ્યાનની પ્રત્યાર્પણની સામે અરજીને લંડન કોર્ટે ફગાવી

**ફરાર શરાબ કારોબારી માલ્યાના પ્રત્યાર્પણની આશા વધી**

લંડન, તા. ૮

ફરાર શરાબ કારોબારી વિજય માલ્યાને ભારત લાવવાની આશા ઉજ્જવળ બની છે. લંડન કોર્ટે પ્રત્યાર્પણની સામે માલ્યાની અરજીને ફગાવી દીધી છે. હકીકતમાં પ્રત્યાર્પણની સામે અરજી દાખલ કરીને માલ્યાએ પોતાને બચાવવાના વધુ પ્રયાસો કર્યા હતા પરંતુ કોર્ટે વિજય માલ્યાને જોરદાર ઝટકો આપી દીધો છે. આ પહેલા બ્રિટનના હોમ સેક્રેટરી સાજિદ જાવેદે માલ્યાના પ્રત્યાર્પણ પર હસ્તાક્ષર કરી દીધા હતા. યુકે સરકારના આ નિર્ણયની સામે માલ્યા દ્વારા હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. યુકે જ્યુડિશિયરીના એક પ્રવક્તાએ કહ્યું છે કે, કોર્ટે વિજય માલ્યાને પ્રત્યાર્પણની સામે અપીલ કરવાની મંજુરી આપી નથી. જસ્ટિસ વિલિયમ ડેવિસે પાંચમી એપ્રિલના દિવસે પ્રત્યાર્પણની સામે અપીલ કરવાની મંજુરી આપવાની તેમની અરજીને અસ્વીકાર કરી દેવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યું છે કે, માલ્યાની પાસે હવે મૌખિક વિચાર કરવા માટે અરજી કરવા પાંચ દિવસનો સમય છે.

## ભાજપની વિચારધારાઓ સામે અવાજ ઉઠાવવો મોટો ગુનો : ઉર્મિલા માતોડકર

**ભાજપ નેતાએ પોલીસ ફરિયાદ કરતાં અભિનેત્રીનો જવાબ**

મુંબઈ,તા.૮

કોંગ્રેસ પાર્ટીનો હાથ થામનાર અભિનેત્રી ઉર્મિલા માતોંડકર પર ભાજપે નિશાન સાધ્યુ છે. ભાજપ નેતાએ હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો અને ઉર્મિલા માતોંડકર વિરુદ્ધ પવઈ પોલીસ સ્ટેશનમાં આપરાધિક ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં હવે ઉર્મિલા માતોંડકરે જવાબ આપ્યો છે.

ઉર્મિલાએ કહ્યું કે 'મારા વિરૂદ્ધ જે ફરિયાદ નોંધવામાં આવી છે તે એકદમ નિરાધાર છે. આ ખોટા નિવેદનનો કેસ છે અને જેમણે મારા વિરુદ્ધ આ ફરિયાદ દાખલ કરી છે તેઓ ભાજપના સભ્ય છે અને તેમના ઈરાદા ઠીક નથી. મેં મારા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ભાજપ દ્વારા હિન્દુ ધર્મના નામ પર જે બોગસ, વહેંચણી કરનાર અને હિંસક વિચારધારા ફેલાવવામાં આવી રહી છે તેનાથી આપણો મહાન હિન્દુ ધર્મ બદનામ થઈ રહ્યું છે. હિંદુ ધર્મ શાંતિ અને અહિંસાનો ધર્મ છે. હું તે હિંદુ ધર્મમાં વિશ્વાસ કરું છું જે વાસુદેવ કુટુમ્બકમ અને અહિંસ પરમોધર્મમાં માને છે.

તેણે આગળ જણાવ્યું કે 'આ તે ધર્મ છે જેને આપણા મહાન લોકમાન્ય તિલક, ગાંધીજી, વિવેકાનંદ અને સરદાર પટેલ જેવા લોકોએ પ્રમોટ કર્યો છે. હું આ પ્રકારના હિન્દુ ધર્મમાં વિશ્વાસ કરું છું અને તે પ્રકારનાં ધર્મમાં નહીં જેને ભાજપ ફેલાવવાનું કામ કરી રહ્યું છે. દુર્ભાગ્યપણે આજના સમયમાં ભાજપની વિચારધારા સામે અવાજ ઉઠાવવો અને સાચું બોલવું એ એવું બની ગયું છે કે જેમ કે તમે કોઈ ભૂલ કરી રહ્યા છો. હું ભાજપની આ અત્યંત આક્રમક અને ખોટી નીતિની ટીકા કરું છું. સત્યમેવ જયતે.

## જેટ એરવેઝને સમાધાન કરવા ૧૮૦ દિવસનો સમય નહિ અપાય તો દેવાળુ ફૂંકાશે

ન્યુ દિલ્હી,તા.૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આગેવાનીમાં દરેક પબ્લિક સેક્ટર બેંકોએ પોતાને જેટ એરવેઝની સમસ્યાનું સમાધાન કરવા માટે ૧૮૦ દિવસનો સમય આપ્યો છે. નાણા મંત્રાલયના સૂત્રો મુજબ વિવિધ બેંકોએ મંત્રાલયને જણાવી દીધું છે કે, 'તેઓ હવે જેટ એરવેઝ એરલાઈન્સના દેવાની ચૂકવણી માટે વધુ સમય સુધી રાહ જોઈ શકે તેમ નથી.'

જો એરલાઈન્સ કોઈ રોકાણકારને લાવવામાં સફળ નહીં રહે તો બેંક ૩૦ જૂન બાદ જેટ એરવેઝને દેવાળીયા જાહેર કરવાની કાર્યવાહી શરૂ કરી દેશે. જેટ એરવેઝને આ સમસ્યામાંથી બહાર લાવવા ઘણા પગલા લેવાયા છે.




